એન્ડ્રુ કાર્નેગી

પુસ્તકાલયો ના નિર્માતા





એન્ડ્રુ કાર્નેગી

પુસ્તકાલયો ના નિર્માતા

અધ્યાય એક

પુસ્તકાલય દિવસ

શું તમારા નગરમાં કોઈ પુસ્તકાલય છે? શું તમે કલ્પના કરી શકો છો કે પુસ્તકાલય વગર તમારું નગર કેવું હશે? આજથી કોઈ સો વર્ષો પહેલા દેશના મોટાભાગના નગરોમાં લોકો માટે મફત પુસ્તકાલય ન હતા. એ સમયે પુસ્તકાલયમાંથી પુસ્તક લઈ જઈને વાંચવાની કોઈ વ્યવસ્થા ન હતી. ફક્ત અમીર લોકો જ પુસ્તકો વાંચતા હતા કારણકે એ પુસ્તકો ખરીદવાનું સામર્થ્ય રાખતા હતા.

એન્ડ્રુ કાર્નેગી નામના વ્યક્તિ માનતા હતા કે લોકોને, જયારે એ ઈચ્છે ત્યારે, વાંચવા માટે પુસ્તકો મળવા જોઈએ. ઓગણીસમી સદીના પચાસમાં દશકમાં જયારે એન્ડ્રુ એક ગરીબ છોકરો હતા અને પેન્સિલવેનિયા રાજ્યના પિટ્સબર્ગ નગરમાં મોટા થઈ રહ્યા હતા, ત્યારે ત્યાં કોઈ પુસ્તકાલય ન હતું. પણ પિટ્સબર્ગમાં એક વ્યક્તિ હતી જે એના પુસ્તકાલયમાં થી પુસ્તકો નોકરી કરવાવાળા છોકરાઓને વાંચવા માટે આપતો હતો.



પુસ્તક લેવા માટે જયારે એન્ડ્રુ એ પુસ્તકાલયમાં જતા હતા ત્યારે એને અદ્ભૂત ખુશી મળતી હતી. જીવનભર એ આશ્ચર્યજનક ખુશીને ભુલાવી શક્યા ન હતા. એ ચાહતા હતા કે બીજા યુવાન લોકો પણ એ ખુશીનો અનુભવ કરે.

મોટા થયા પછી એન્ડ્રુ કાર્નેગી અમેરિકાના સૌથી ધનવાન લોકોમાંથી એક બન્યા. પણ એ પેલી વાત ક્યારેય ભૂલી ન શક્યા કે નિર્ધન થવું કેટલો મોટો અભિશાપ હતો અને પુસ્તકોનો પ્રેમ શું હોય છે.

જેટલું ધન એણે જીવનમાં ભેગું કર્યું હતું એટલું જ ધન એણે એના જીવન દરમ્યાન દાનમાં આપી દીધું હતું. એ ધનથી એણે ઘણા નગરોમાં સાર્વજનિક પુસ્તકાલય બનાવ્યા. કદાચ તમે પણ આ પુસ્તક એન્ડ્રુ કાર્નેગી પુસ્તકાલયમાંથી લીધું હોય.

જો તમે આ પુસ્તક કોઈ સાર્વજનિક પુસ્તકાલયમાંથી લીધું છે, તો તમે કોઈ પૈસા આપ્યા નથી. લોકો પુસ્તકાલય માટે એવી જ રીતે પૈસા આપે છે, જેમ એ સ્કૂલ અને સડકો માટે આપે છે, કર આપીને. પણ જયારે તમે તમારા નજીકના પુસ્તકાલયમાં જાઓ છો, તો તમારે એક કોડી પણ આપવી પડતી નથી (પુસ્તક પરત કરવામાં મોડું થાય તો કદાચ દંડ ભરવો પડે). અમેરિકાના પુસ્તકાલયોની સૌથી મોટી ખૂબી એ છે કે કોઈ પણ વ્યક્તિ પુસ્તકાલય જઈને પુસ્તક લઈ શકે છે.

પુસ્તકાલયમાંથી પુસ્તક લેવું



શું આ પુસ્તક તમે કોઈ સાર્વજનિક પુસ્તકાલયમાંથી લીધું છે? જો એવું હોય તો તમે એ લાખો અમેરિકનોમાંથી એક છો જે દર વર્ષે પુસ્તકાલયોનો ઉપયોગ કરે છે. કોઈ પણ (વિદ્યાર્થી, માતા-પિતા, અધ્યાપક, નાના બાળકો) પુસ્તકાલયમાંથી વાંચવા માટે પુસ્તક લઈ શકે છે. એ બહુ સરળ છે! જેવું તમે તમારું નામ લખતા શીખી જાવ છો, તમે તમારું પુસ્તકાલય કાર્ડ બનાવી શકો છો. એ કાર્ડની મદદથી તમે જયારે ચાહો ત્યારે પુસ્તકાલયમાંથી પુસ્તક લઈ શકો છો. બસ પુસ્તકાલય જઈને તમારું મનપસંદ પુસ્તક પસંદ કરો, લાઈબ્રેરિયનને તમારું કાર્ડ બતાવો, અને વાંચવા માટે પુસ્તક ઘરે લઈ જાઓ.

ડનફર્મલાઈનનો એક છોકરો

એન્ડ્રુ કાર્નેગીનો જન્મ સ્કોટલેન્ડના એક નાના નગર ડનફર્મલાઈનમાં 25 નવેમ્બર 1835 ના દિવસે થયો હતો. એન્ડ્રુના પિતા, વિલિયમ કાર્નેગી, લિનન કાપડના વણકર હતા. ડનફર્મલાઈનના બીજા વણકરની જેમ એ પણ હાથ સંચાલિત લૂમ (સાળ) પર કામ કરતા હતા. ડનફર્મલાઈનના બધા વણકર બહુ સુંદર ટેબલ કલોથ બનાવતા હતા. એ ટેબલ કલોથ આખી દુનિયામાં મશહૂર હતા.

પણ 1835 માં સ્કોટલેન્ડમાં પૈસા કમાવાનું સહેલું ન હતું. ઔદ્યોગિક ક્રાંતિ જોશમાં હતી. કારખાનામાં મશીનની મદદથી કપડાં મોટી માત્રામાં અને સસ્તા બનાવી શકાતા હતા.

ડનફર્મલાઈન, સ્કોટલેન્ડમાં એન્ડ્રુ કાર્નેગીના જન્મસ્થાનને એક સંગ્રહાલય તરીકે સુરક્ષિત રાખવામાં આવ્યું છે.

ઔદ્યોગિક ક્રાંતિ

ઔદ્યોગિક ક્રાંતિનો આરંભ અઢારમી સદીમાં ઈંગ્લેન્ડમાં થયો હતો. ઔદ્યોગિક ક્રાંતિની પહેલા મોટા ભાગના લોકો ખેતી પર નિર્ભર હતા અથવા નાના નગરોમાં રહેતા હતા. વિલિયમ કાર્નેગી જેવા કુશળ કારીગર પોતાના ઘરમાં હાથ સંચાલિત મશીનો પર કામ કરતા હતા. પણ ઔદ્યોગિક ક્રાંતિ આવ્યા પછી વરાળ અને બીજા ઉર્જા સ્ત્રોતોથી ચાલવાવાળા મશીનો નો ઉપયોગ વધવા લાગ્યો. મોટા-મોટા શહેરોમાં આવીને લોકો એવા કારખાનામાં કામ કરવા લાગ્યા જ્યાં આવા મશીન બેસાડેલા હતા. હાથ-શાળ પર કામ કરવાવાળા શ્રમિક બેરોજગાર થઈ ગયા કારણકે કારખાનામાં બનેલી વસ્તુઓ સસ્તી હતી.

ઔદ્યોગિક ક્રાંતિ ના સમયે કારખાનામાં વસ્તુઓ સસ્તી અને વધારે માત્રામાં બનતી હતી.

સમગ્ર સ્કોટલેન્ડમાં વણકરોને ડર હતો કે એ એનો રોજગાર ખોઈ બેસશે.

1848 સુધીમાં, એન્ડ્રુ કાર્નેગીના પિતાને લાગવા લાગ્યું હતું કે ડનફર્મલાઈનમાં એના પરિવારની દેખભાળ કરવાનું એને માટે મુશ્કેલ થઈ રહ્યું હતું. નગરને કિનારે બનેલું નવું કપાસનું કારખાનું, એના હાથ-શાળના મુકાબલામાં વધારે અને સસ્તું કાપડ બનાવી રહ્યું હતું. બહુ ખેદ સાથે કાર્નેગી પરિવારે સ્કોટલેન્ડ છોડવાનો નિર્ણય કર્યો. એને લાગી રહ્યું હતું કે એટલાન્ટિક મહાસાગરને પાર અવસરોની ભૂમિ, અમેરિકામાં, એ એક વધારે સારું જીવન જીવી શકતા હતા.

અધ્યાય ત્રણ

નવા દેશમાં સાહસો

એન્ડ્રુ કાર્નેગી અને એના પરિવારના લોકો અમેરિકા આવીને પિટ્સબર્ગ, પેન્સિલવેનિયામાં વસી ગયા. એન્ડ્રુની બે માસી પહેલેથી જ પિટ્સબર્ગમાં રહેતી હતી. સ્કોટલેન્ડથી આવેલા ઘણા લોકો ત્યાં રહેતા હતા. એને લીધે કાર્નેગી પરિવારને ત્યાં પોતાના ઘર જેવું જ લાગતું હતું.

પિટ્સબર્ગ, પેન્સિલવેનિયા 1850 માં

પિટ્સબર્ગ, પેન્સિલવેનિયા

પિટ્સબર્ગ નગર પેન્સિલવેનિયાના દક્ષિણ-પશ્ચિમી ભાગમાં સ્થિત છે. ત્યાં અલેઘની અને મોનોનગહેલા નદીઓ મળીને ઓહાયો નદી બનાવે છે. આજે, પિટ્સબર્ગ સંસારનું સ્ટીલ ઉત્પાદન કરવાવાળું સૌથી મોટું કેન્દ્ર છે. ત્યાં વીસ લાખથી વધારે લોકો રહે છે.

વિલિયમ કાર્નેગીએ પિટ્સબર્ગમાં એનું હાથ-શાળ લગાવવામાં કોઈ સમય વેડફ્યો નહીં. પણ અહીં પણ એને અહેસાસ થઈ ગયો કે કારખાનામાં બનેલી વસ્તુઓ હાથથી બનાવેલી વસ્તુઓથી સસ્તી હતી. અમેરિકામાં આજીવિકા કમાવાનું એટલું જ મુશ્કેલ હતું જેટલું સ્કોટલેન્ડમાં હતું. વિલિયમે બનાવેલા ટેબલ કલોથનું વેચાણ ધીરે-ધીરે ઓછું થતું ગયું જેને લીધે એ નિરાશ થઈ ગયા.

પેન્સિલવેનિયામાં વસ્યા પછી વિલિયમ કાર્નેગીને સમજાયું કે ત્યાં પણ કારખાનામાં બનેલી વસ્તુઓ હાથની બનેલી વસ્તુઓથી વધારે લોકપ્રિય હતી.

એન્ડ્રુ કાર્નેગી બાર વર્ષના હતા જ્યારે એનો પરિવાર પિટ્સબર્ગમાં આવીને વસ્યો હતો. એ દિવસોમાં બાર વર્ષના છોકરા કે છોકરીને એટલા મોટા સમજવામાં આવતા હતા કે એની એવી અપેક્ષા રાખવામાં આવતી હતી કે આજીવિકા કમાઈને એ પરિવારની સહાયતા કરે. એન્ડ્રુએ થોડા સમયમાં કપાસના એક કારખાનામાં નોકરી શરુ કરી.કામ મુશ્કેલ હતું અને મોડે સુધી કરવું પડતું હતું. એને વધારે પૈસા પણ મળતા ન હતા. એક અઠવાડિયું કામ કર્યા પછી એને ફક્ત 1.20 ડોલર મળતા હતા. તો પણ, એન્ડ્રુ કાર્નેગી જીવનમાં પહેલી વાર પૈસા કમાઈ રહ્યા હતા. એ કારણે એ ખુશ હતા.

ઔદ્યોગિક ક્રાંતિએ વિલિયમનું જીવન મુશ્કેલ બનાવી દીધું હતું. પણ એન્ડ્રુ બહુ ઉત્સાહિત હતા. ઓગણીસમી શતાબ્દીના મધ્યમાં અમેરિકામાં તેજીથી ઉન્નતિ થઈ રહી હતી. ટેલિગ્રાફ અને રેલવે જેવા નવા આવિષ્કાર એન્ડ્રુ જેવા સાહસી, બુદ્ધિમાન અને મહેનતી છોકરા માટે ઘણા નવા-નવા અવસર ઉભા કરી રહ્યા હતા.

એન્ડ્રુને પહેલો મુખ્ય અવસર ત્યારે મળ્યો જયારે એને ટેલિગ્રાફ કાર્યાલયમાં સંદેશવાહકનું કામ મળ્યું. એણે એ કામ તરત સ્વીકારી લીધું. એને લાગ્યું કે એક અંધારા કારખાનામાં આખો દિવસ કઠોર પરિશ્રમ કરવા કરતા તો નગરના જાણીતા લોકોને ટેલિગ્રાફ સંદેશા પહોંચાડવા વધારે સારું છે.

ઓગણીસમી સદીના મધ્યમાં
બાર વર્ષના નાના છોકરા પણ નોકરી કરીને પરિવારો ની સહાયતા કરતા હતા. એન્ડ્રુ
કાર્નેગીની જેમ આ છોકરો પણ ટેલિગ્રાફ કમ્પનીના સંદેશા પહોંચાડતો હતો.

ટેલિગ્રાફ શું છે?

ટેલીગ્રાફનો આવિષ્કાર સેમ્યુઅલ મોર્સે 1837 માં કર્યો હતો. આ એક એવું મશીન છે જેના દ્વારા લાંબા અંતર સુધી સંદેશો મોકલી શકાય છે. એને માટે મોર્સ કોડનો ઉપયોગ કરીને રેડીઓ અથવા તાર દ્વારા સંદેશા મોકલવામાં આવે છે.

લોકો એને 'યુવાન એન્ડી' ના નામથી બોલાવતા હતા. એ મહેનતી અને તીવ્રબુદ્ધિ હતા. એણે જલ્દીથી પિટ્સબર્ગના બધા રસ્તાના નામ યાદ કરી લીધા હતા. સંદેશા પહોંચાડવા માટે એણે સૌથી ઝડપી રસ્તા શોધી લીધા હતા.

ટેલિગ્રાફ મશીન દ્વારા સંદેશા મોકલવાનું અને પ્રાપ્ત કરવાનું એણે પોતે જ શીખી લીધું હતું. થોડા સમયમાં એને ટેલિગ્રાફ ઓપરેટર બનાવવામાં આવ્યા. હવે એન્ડ્રૂ મહિનાના પચીસ ડોલર કમાઈ રહ્યા હતા.

ટેલિગ્રાફ કાર્યાલયમાં કામ કરતા એને પિટ્સબર્ગના પ્રસિદ્ધ વ્યવસાયીઓને મળવાના અવસર મળ્યા. એમાંથી એક હતા થોમસ સ્કોટ. એ પેન્સિલવેનિયા રેલરોડના પશ્ચિમી ડિવિઝનના સુપરિન્ટેન્ડન્ટ હતા.

મોર્સ કોડ ટેલિગ્રાફ મશીનથી મોકલવામાં આવે છે
અને પ્રશિક્ષિત કર્મચારી જ એને સમજીને શબ્દોમાં બદલે છે.

મિસ્ટર સ્કોટને એન્ડ્રૂનો ઉત્સાહ, ઉર્જા અને એની મહત્વાકાંક્ષા સારા લાગ્યા. એ એન્ડ્રૂથી એટલા પ્રભાવિત થયા કે એને એનો પર્સનલ એસીસ્ટન્ટ બનાવી લીધો.

અમેરિકામાં તેજીથી વધતી રેલ પ્રણાલી ને કારણે પશ્ચિમ તરફ જવાનું અને ત્યાં વસવાનું સંભવ થઈ ગયું.

એન્ડ્રુ કાર્નેગી માટે એ બહુ આશ્ચર્યજનક અવસર હતો. એણે જોયું કે અમેરિકાની ઉન્નતિમાં રેલનું એક મહત્વપૂર્ણ યોગદાન હતું. એ દિવસોમાં યુરોપથી ઘણા લોકો અમેરિકા આવી રહ્યા હતા. એમાંથી ઘણા લોકો કારખાનામાં કામ કરવા માટે પૂર્વી નગરોમાં વસી ગયા હતા. ઘણા લોકો એની બંધ વેગનમાં યાત્રા કરીને, પશ્ચિમમાં વસવાટ કરવા ચાલ્યા ગયા હતા. પશ્ચિમમાં વસતા લોકોને પૂર્વમાં સ્થિત કારખાનામાં બનેલા સામાનની આવશ્યકતા હતી. અને કારખાનામાં પશ્ચિમમાં ઉપલબ્ધ કાચા માલની જરૂરત હતી. કાચો માલ એને કહેવાય છે જેનાથી કારખાનામાં અલગ-અલગ વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે, જેમકે લાકડા, તેલ, પથ્થર વગેરે. આ બધા પદાર્થ અને વસ્તુઓ પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વ કેવી રીતે મોકલવામાં આવે? એન્ડ્રુ કાર્નેગીને વિશ્વાસ હતો કે રેલરોડ જ આ સમસ્યાનો ઉકેલ હતો.

એન્ડ્રુ કાર્નેગીએ થોમસ સ્કોટ માટે 1853 માં કામ કરવાનું શરૂ કર્યું હતું. એની આયુ લગભગ સત્તર વર્ષની હતી. અમેરિકા આવીને એને લગભગ ચાર વર્ષ જ થયા હતા અને એ મહિનાના પાંત્રીસ ડોલર કમાઈ રહ્યા હતા. 1859 માં થોમસ સ્કોટ પેન્સિલવેનિયા રેલ રોડના વાઇસ પ્રેસિડેન્ટ બની ગયા. એના સ્થાને એન્ડ્રુ કાર્નેગી રેલરોડના પશ્ચિમી વિભાગના સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. એ ફક્ત ચોવીસ વર્ષના હતા.

રાજ્યો વચ્ચે યુદ્ધ

સિવિલ વોર (યુદ્ધ) 1861 માં આરંભ થયું અને 1865 માં પૂરું થયું. દક્ષીણ (કોન્ફેડરેટ) ના રાજ્ય દાસ પ્રથાને ચાલુ રાખવા માટે લડી રહ્યા હતા. એ એની કૃષિ પ્રધાન જીવન પદ્ધતિને બચાવવા માટે લડી રહ્યા હતા. ઉત્તર (યુનિયન) ના રાજ્ય દાસ પ્રથાને ખતમ કરવા ચાહતા હતા. એન્ડ્રૂ કાર્નેગીએ સિવિલ વોરમાં કોઈ લડાઈ લડી નહીં. પણ ટેલિગ્રાફ અને રેલરોડ પ્રણાલીમાં એણે જે કાર્યો કર્યાં, એ કાર્યોનું યુનિયનના વિજયમાં મહત્વપૂર્ણ યોગદાન હતું. ટેલિગ્રાફે પ્રેસિડેન્ટ લિંકનને સેંકડો માઈલ દૂર રહેલા સેના અધિકારીઓ સાથે સંપર્ક બનાવવામાં સહાયતા કરી. રેલરોડને લીધે સૈનિકો અને સામાનને એક જગ્યાએથી બીજી જગ્યાએ તરત લઈ જવાનું સંભવ થયું, જે ઘોડા અને વેગનથી ન થઈ શકત.

એન્ડ્રૂ કાર્નેગી માટે આ એક મોટી બઢતી હતી. એણે પિટ્સબર્ગમાં એક મોટું ઘર લઈ લીધું, જ્યાં એ એની માઁ અને નાના ભાઈ ટોમ સાથે રહેતા હતા. એન્ડ્રૂને બસ એ વાતનું દુઃખ હતું કે એના પિતાનું નિધન થઈ ચૂક્યું હતું અને એ એની સફળતા જોઈ શક્યા ન હતા.

જયારે 1861 માં ગૃહ-યુદ્ધ શરુ થયું તો થોમસ સ્કોટ અને એન્ડ્રૂ કાર્નેગી વોશિંગટન ડી.સી. આવી ગયા. એ રેલરોડ અને ટેલિગ્રાફની પ્રણાલીઓને વ્યવસ્થિત કરીને, યુનિયન સેનાની સહાયતા કરવા ચાહતા હતા. એન્ડ્રૂ માટે આ એક મોટો પડકાર હતો, પણ પડકારનો સામનો કરવો એને સારું લાગતું હતું.

એન્ડ્રૂ કાર્નેગીએ 1865 માં સિવિલ વોર સમાપ્ત થયા સુધી પેન્સિલવેનિયા રેલરોડમાં કામ કર્યું. પછી, બધાને ચોંકાવીને, એણે રેલરોડમાં એનું પદ ત્યાગી દીધું. હવે નવું સાહસિક કાર્ય કરવાનો સમય હતો.

ભાગ્ય બનાવવાનો દ્રઢ સંકલ્પ

પેન્સિલવેનિયા રેલરોડમાં કામ કરતા હતા ત્યારે પણ એન્ડ્રુ કાર્નેગી અન્ય રીતે પૈસા કમાઈ રહ્યા હતા. એન્ડ્રુએ જોયું હતું કે આખા અમેરિકામાં રેલના પાટા મોટી માત્રામાં લગાવવામાં આવી રહ્યા હતા. થોડા સમયમાં લોકો માટે દેશના એક ખૂણેથી બીજા ખૂણે જવાનું સંભવ થવાનું હતું. એન્ડ્રુ સમજી રહ્યા હતા કે લોકો બેસીને એક લાંબી યાત્રા કરવા ચાહશે નહીં, કારણકે થોડી યાત્રાઓને પૂરી થવા માટે ઘણા દિવસ લાગી શકતા હતા.

રેલ પર લાંબી યાત્રા કરવાનું એટલું લોકપ્રિય થઈ ગયું હતું કે એન્ડ્રુએ એ કમ્પનીમાં પૈસા રોક્યા જે એવા રેલના ડબ્બા બનાવી રહી હતી જેમાં યાત્રી સૂઈ પણ શકતા હતા.

યુનિયન પેસિફિક રેલ અને સેન્ટ્રલ પેસિફિક રેલના કર્મચારી પ્રોમોન્ટરી સમિટ, ઉટાહમાં બંને રેલના પાટા જોડાવાનો ઉત્સવ મનાવતા હતા ત્યારે.

ટ્રાન્સકોન્ટિનેન્ટલ રેલરોડ

ઓગણીસમી સદીના મધ્યમાં અમેરિકા તેજીથી વિકસિત થઈ રહ્યું હતું. રેલરોડ યાત્રા કરવાનું એક લોકપ્રિય સાધન બની ગયું હતું. પ્રેસિડેન્ટ લિંકનને લાગ્યું કે પૂર્વ-પશ્ચિમ રેલ માર્ગ જે દેશના એક છેડાને બીજા છેડા સાથે જોડી દેય એ એક સારો વિકલ્પ હતો.

લિંકને 1862 માં રેલરોડ અધિનિયમ પર હસ્તાક્ષર કરી દીધા. એ પછી બે કમ્પનીઓ ટ્રાન્સકોન્ટિનેન્ટલ રેલરોડ બનાવવા લાગી. યુનિયન પેસિફિક રેલરોડે 1863 માં ઓમાહા, નેબ્રાસ્કાથી પશ્ચિમ તરફ રેલરોડ બનાવવાનું શરુ કર્યું. સેન્ટ્રલ પેસિફિક રેલરોડે સેક્રામેન્ટો, કેલિફોર્નિયાથી પૂર્વ તરફ રેલ બનાવવાનું શરુ કર્યું. પ્રોમોન્ટરી સમિટ, ઉટાહમાં, 10 મે 1869 ના દિવસે બંને પાટા જોડી દેવામાં આવ્યા.



જોકે લિંકનનું વધારે ધ્યાન સિવિલ વોર તરફ હતું, પણ એ દેશની ઉન્નતિ માટે પણ ચિંતિત હતા.

જયારે એન્ડ્રુને ખબર પડી કે એક કમ્પની એવા રેલના ડબ્બા બનાવવાનું વિચારી રહી છે જેમાં યાત્રી સૂતા-સૂતા યાત્રા કરી શકે, તો એ બહુ ઉત્સાહિત થયા.

એન્ડ્રુએ એ કમ્પનીમાં એના પૈસા રોકવાનો નિર્ણય કર્યો. જયારે પણ એ કમ્પનીએ બનાવેલા રેલના ડબ્બા વેચાતા, તો એન્ડ્રુને એના લાભમાંથી હિસ્સો મળતો. એનું અનુમાન હતું કે આ રીતે એ ઘણું ધન ભેગું કરી શકશે. એનું અનુમાન સાચું ઠર્યું.

રેલના ડબ્બાના વેચાણથી જે ધન એ કમાયા એ નાણાંનું એણે બીજી યોજનાઓમાં રોકાણ કર્યું. રેલરોડમાં કામ કરવાને લીધે એ જાણતા હતા કે લાકડાના બનેલા રેલના પૂલ ઘણીવાર આગ લાગવાથી બળી જતા હતા અથવા પૂરમાં તણાઈ જતા હતા. એન્ડ્રુએ વિચાર્યું કે લોખંડના બનેલા પૂલ વધારે સુરક્ષિત થશે. એમ વિચારીને એણે 'કીસ્ટોન બ્રિજ કમ્પની' ની સ્થાપના કરી. એ કમ્પનીએ અમેરિકામાં બધી બાજુ લોખંડના પૂલ બનાવ્યા. અને દરેક પૂલ પર એન્ડ્રુએ પૈસા બનાવ્યા.

એન્ડ્રુ કાર્નેગીએ તેલના કૂવામાં પણ પૈસા રોક્યા. ઔદ્યોગિક ક્રાંતિની પહેલા કાચા તેલનો કોઈ ખાસ ઉપયોગ થતો ન હતો. પણ એન્ડ્રુએ અનુમાન લગાવ્યું કે નવી ફેક્ટરીઓ ચાલુ થવાથી મશીનો ચલાવવા માટે તેલની જરૂરિયાત વધી જશે. એ પેન્સિલવેનિયા અને ઓહાયોમાં તેલના કૂવા ખરીદવા લાગ્યા. થોડા સમયમાં એન્ડ્રુ કાર્નેગી બહુ ધનવાન થઈ ગયા.

કાચું તેલ

અમેરિકામાં કાચા તેલનો ઉદ્યોગ 1859 માં શરુ થયો જયારે એડવિન ડ્રેકે ટાઈટસવિલ, પેન્સિલવેનિયામાં તેલનો એક કૂવો ખોદ્યો. આજકાલ, અમેરિકામાં મોટા ભાગનું કાચું તેલ ટેક્સાસ, અલાસ્કા, અને કેલિફોર્નિયામાં કાઢવામાં આવે છે. કાચું તેલ સૌથી મહત્વપૂર્ણ પ્રાકૃતિક સંસાધન છે. એ ધરતીના ઊંડાણમાં ચટ્ટાનોમાંથી કાઢવામાં આવે છે. એને મશીનો, જેમકે ગાડી, ટ્રક, રેલગાડી, ટ્રેકટર વગેરે ચલાવવામાં માટે ઉપયોગમાં લેવામાં આવે છે. ઘરોને અને કારખાનાને ગરમ રાખવા માટે અને વીજળી બનાવવા માટે પણ એનો ઉપયોગ કરવામાં આવે છે.

એન્ડ્રુ કાર્નેગીની સફળતાનું એક કારણ એ હતું કે એ જોખમ ઉઠાવવાથી ડરતા ન હતા. એ એવી વસ્તુઓ અને આવિષ્કારમાં પૈસાનું રોકાણ કરતા હતા જેના વિષે એનું અનુમાન હતું કે એ બહુ લોકપ્રિય થઈ જશે.

એન્ડ્રુ કાર્નેગીની સફળતાનું બીજું એક કારણ પણ હતું. એ જોર દેતા હતા કે દરેક કાર્ય યોગ્ય રીતે જ કરવામાં આવે.

વસ્તુઓની ગુણવત્તા એને માટે બહુ મહત્વપૂર્ણ હતી. દરેક યોજના પર એ સંપૂર્ણ ધ્યાન આપતા હતા. જે લોકો એની સાથે કામ કરતા હતા એની પાસેથી પણ એ એવીજ અપેક્ષા રાખતા હતા. ઉદાહરણ તરીકે, જયારે એણે લોખંડના પૂલ બનાવવાનું શરુ કર્યું, તો એને લાગ્યું કે પૂલો માટે ઉત્તમ ગુણવત્તાવાળું લોખંડ મેળવવા માટે એવા લોખંડનું ઉત્પાદન એણે પોતે જ કરવું પડશે. એ કારણે એન્ડ્રુ લોખંડની મિલો ખરીદવા અને સ્થાપિત કરવા લાગ્યા. હવે એ પૂલો માટે ગુણવત્તાવાળું લોખંડ ક્યારે પણ મેળવી શકતા હતા.

એન્ડ્રુ કાર્નેગીએ એ વાત પર પૂરું ધ્યાન આપ્યું કે લોખંડના ઉત્પાદનમાં કેટલા પૈસા ખર્ચાતા હતા. ઘણા મિલ માલિક વર્ષના અંત સુધી જાણી શકતા ન હતા કે એને લાભ થઈ રહ્યો છે કે નુકસાન; વર્ષની સમાપ્તિ પર એ બધા ખર્ચા જમા કરીને જ નફો-નુકસાન જાણી શકતા હતા. પણ એન્ડ્રુ એ પદ્ધતિથી સંતુષ્ટ ન હતા. એણે એવી પ્રણાલી સ્થાપિત કરી જેનાથી ન કોઈ પૈસા કે ન કોઈ પદાર્થનો બગાડ થતો હતો.

સન 1865 સુધી એન્ડ્રુ એટલું ધન કમાવા લાગ્યા હતા કે એણે રેલરોડમાં એની નોકરી છોડી દીધી. હવે એ બીજા માટે કામ કરવા ચાહતા ન હતા. એની આત્મકથામાં એણે લખ્યું છે, " હું પોતે મારું ભાગ્ય બનાવવા ચાહતો હતો.

હું જાણતો હતો કે રેલરોડમાં મને ગમે એટલો પગાર મળે, એ પૈસાથી હું પ્રામાણિકપણે એ મેળવી શકતો ન હતો જે હું પામવા ચાહતો હતો. એ સમય પછી મેં ક્યારેય વેતન માટે કામ ન કર્યું."

પેન્સિલવેનિયા રેલરોડ છોડયા પછી એન્ડ્રુએ પિટ્સબર્ગથી ન્યુ યોર્ક શહેર જવાનો નિશ્ચય કર્યો. ન્યુ યોર્ક શહેર દેશની આર્થિક રાજધાની હતી. દેશની ઘણી મોટી બેન્ક ત્યાં હતી. જે યોજનાઓને એન્ડ્રુ હવે પૂરી કરવા ચાહતા હતા એને માટે એને મોટી ધનરાશિની જરૂરત હતી. એને લીધે એને લાગ્યું કે મોટી બેન્કની નજીક રહેવાનું અનિવાર્ય થઈ ગયું હતું. એણે નિશ્ચય કર્યો કે એનો નાનો ભાઈ પિટ્સબર્ગની મિલોની સંભાળ રાખશે.

ભલે એન્ડ્રુ પિટ્સબર્ગમાં રહેતા ન હતા, પણ ત્યાંની મિલો પર એનું ધ્યાન કાયમ રહેતું હતું. એન્ડ્રુએ ત્યાંના કારખાનાઓ માટે સૌથી યોગ્ય માણસોને કામ પર રાખ્યા અને સૌથી લાભદાયક સોદા નક્કી કર્યા. સૌથી સારું લોખંડ બનાવવા માટે એ દરેક સમયે દરેક નવી જાણકારી ભેગી કરતા રહેતા હતા.

પણ ટૂંક સમયમાં એવો સમય આવ્યો જયારે સૌથી સારું લોખંડ પણ દેશની આવશ્યકતાઓ પૂરી કરી શકતું ન હતું. લોખંડની તૂલનામાં સ્ટીલ વધારે મજબૂત હતું અને એની સાથે કામ કરવું પણ સરળ હતું.

એટલે એન્ડ્રુએ નક્કી કર્યું કે એ દેશની સૌથી મોટી અને સૌથી આધુનિક સ્ટીલ મિલ બનાવશે. એનું નામ હતું 'એડગર થોમસન સ્ટીલ વર્કસ'. આ મિલ પિટ્સબર્ગ નગરથી થોડી બહાર સ્થિત હતી.

એ પછી એણે અન્ય સ્ટીલ મિલો ચાલુ કરી. દરેક નવી મિલ પહેલાની મિલ કરતા વધારે નફો કમાતી હતી. 1890 સુધીમાં, એન્ડ્રુ કાર્નેગીએ પિટ્સબર્ગને દેશનું સૌથી વધારે સ્ટીલ ઉત્પાદન કરવાવાળું નગર બનાવી દીધું હતું. એક સમયે પંદર હજારથી પણ વધારે લોકો 'કાર્નેગી સ્ટીલ કમ્પની' માં કામ કરી રહ્યા હતા.

એન્ડ્રુ કાર્નેગીની ખ્યાતિ એક ઈમાનદાર વ્યક્તિ તરીકે ફેલાઈ ગઈ હતી. એ એના શ્રમિકોને ચાહતા હતા અને એનું સન્માન કરતા હતા. જેટલો પગાર અન્ય મિલ માલિક આપતા હતા, એટલો જ પગાર એ પણ આપતા હતા.

એડગર થોમસન સ્ટીલ વર્કસ, પિટ્સબર્ગ, પેન્સિલવેનિયા

મોટી બેંકો સાથે વ્યવહાર કરવા માટે એન્ડ્રુ કાર્નેગી પિટ્સબર્ગથી ન્યુ યોર્ક શહેર આવી ગયા.

પણ 1892 માં કાર્નેગીની 'હોમસ્ટેડ સ્ટીલ વર્કસ' ના શ્રમિકો હડતાલ પર ગયા. વધારે વેતન મળવા સુધી, શ્રમિકોએ કામ કરવાની ના પાડી દીધી. એ હડતાલ ને લીધે એન્ડ્રુની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું.



કાર્નેગી સ્ટીલ કમ્પની

હોમસ્ટેડ સ્ટીલ કમ્પનીના શ્રમિકોની હડતાલ

એન્ડ્રૂ કાર્નેગી સ્કોટલેન્ડની યાત્રા પર હતા જયારે એની એક કમ્પનીના શ્રમિકો હડતાલ પર ગયા. હોમસ્ટેડ સ્ટીલ વર્કસના મેનેજરે હડતાલ સંભાળવા માટે બંદૂક-ધરી પોલીસને બોલાવી લીધી. સ્ટીલ મિલમાં ઝગડા શરુ થઈ ગયા. અઢાર લોકો માર્યા ગયા. બીજા ઘણા ઘાયલ થયા. અમેરિકાના ઇતિહાસમાં શ્રમિકો અને માલિકો વચ્ચે થયેલી લડાઈઓ માંથી આ સૌથી ભયાનક લડાઈ હતી.



અધ્યાય પાંચ

સંપત્તિ દાનમાં આપવી

સન 1900 માં 'કાર્નેગી સ્ટીલ કમ્પની' વર્ષે ચાર કરોડ ડોલરથી વધારે કમાઈ રહી હતી. એન્ડ્રુ કાર્નેગીને એક નિર્માતા અને વ્યવસાયી થવાનું સારું લાગતું હતું. પણ ત્યારે એણે નિર્ણય કર્યો કે જીવનમાં હજી એક ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જાન્યુઆરી 1900 માં એન્ડ્રુએ લોખંડ અને સ્ટીલ ઉદ્યોગનું સામ્રાજ્ય પચ્ચીસ કરોડ ડોલરમાં વેચી દીધું. ત્યારે એ પાંસઠ વર્ષના હતા અને એની બધી ધન-સંપત્તિ ત્રીસ કરોડ ડોલર હતી. એનું બાકીનું જીવન એણે આ સંપત્તિ દાનમાં આપવામાં વિતાવી.

એન્ડ્રુ કાર્નેગીનો વિશ્વાસ હતો કે શ્રીમંત લોકોએ પોતાનું બધું ધન પોતાની ઉપર જ ખર્ચવું ન જોઈએ.

એન્ડ્રુએ દાન આપીને જે સંસ્થાઓ બનાવી હતી એમાં કાર્નેગી ટેક્નિકલ સ્કૂલ પણ હતી જ્યાં વિદ્યાર્થી વિજ્ઞાન, ઇજનેરી, અને ઇન્ડસ્ટ્રીઅલ આર્ટસ પણ શીખતાં હતા.

એને લાગતું હતું કે શ્રીમંત લોકોએ એના સમાજની સહાયતા કરવી જોઈએ અને સારા કાર્યો માટે ધન આપવું જોઈએ. એ એવા શ્રીમંત લોકોની નિંદા કરતા હતા જે કોઈ પણ દાન કર્યા વગર સંસારમાંથી ચાલ્યા જતા હતા.

એન્ડ્રુ કાર્નેગીનું માનવું હતું કે પર્યાપ્ત શિક્ષણનો અભાવ જ સંસારની ઘણી સમસ્યાઓનું મૂળ કારણ હતું. પુસ્તકો વાંચી-વાંચીને અને શિક્ષિત લોકો સાથે સંવાદ કરીને, એણે પોતાને શિક્ષિત કરવાનો જીવનભર પ્રયાસ કર્યો હતો. એને એ વાતનું દુઃખ હતું કે એ ક્યારેય કોલેજ જઈ શક્યા ન હતા. એ કારણથી એણે સર્વપ્રથમ દેશની વિભિન્ન સ્કૂલ અને કોલેજોને ઘણું ધન દાનમાં આપ્યું.

એન્ડ્રુ કાર્નેગીએ એવા સેવાનિવૃત્ત શ્રમિકોને પૈસા આપ્યા જે સરખી રીતે એનું જીવન જીવવા માટે અસમર્થ હતા. એણે વિશ્વભરની શાંતિસંસ્થાઓને પણ આર્થિક સહાયતા કરી. એણે એક 'હીરો ફંડ' બનાવ્યું અને એ સાધારણ લોકોને પુરસ્કાર આપ્યા જેણે સાધારણ જીવનમાં સાહસી કાર્યો કર્યા હતા. એણે ડોકટરો અને વૈજ્ઞાનિકોને ભયંકર રોગોના ઉપચાર શોધવા માટે ધનરાશિ આપી. જયારે એ સ્કોટલેન્ડમાં રહેતા હતા ત્યારે એને ઓર્ગન સંગીત બહુ પ્રિય હતું. એણે અમેરિકા, કેનેડા અને બ્રિટનના 8000 ચર્ચોમાં ઓર્ગન વસાવવા માટે ધન આપ્યું. એન્ડ્રુ કાર્નેગી પિટ્સબર્ગને ક્યારેય ભૂલાવી ન શક્યા. એણે એના નવા હોમટાઉન, પિટ્સબર્ગમાં બે કોલેજ, એક આર્ટ ગેલેરી, એક સંગ્રહાલય, એક કોન્સર્ટ ભવન અને એક સિમ્ફની ઓર્કેસ્ટ્રા માટે ઘણું ધન દાનમાં આપ્યું.



હીરો ફંડ ના મેડલની પાછલી બાજુએ લખ્યું છે કે "મનુષ્યનો સૌથી મહાન પ્રેમ એ જ છે કે એ એના મિત્રો માટે પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દેય."



કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં કાર્નેગીના અનુદાનથી બનાવવામાં આવેલા પુસ્તકાલયના ઉદ્‌ઘાટન પર એન્ડ્રુ કાર્નેગી ઉપસ્થિત શ્રોતાઓને સંબોધિત કરતા.

આટલી ધનરાશિ દાનમાં આપ્યા પછી પણ એન્ડ્રુ પાસે ઘણું ધન બચ્યું હતું. એ કારણે એણે 'કાર્નેગી કોર્પોરેશન' ની સ્થાપના કરી. એ કોર્પોરેશનનો ઉદ્દેશ્ય હતો, એન્ડ્રુના ધનને એના મૃત્યુ પછી પણ દાનમાં આપવાનો. સ્કૂલો, પુસ્તકાલયો, અને વૈજ્ઞાનિક અનુસંધાનને સહાયતા પ્રદાન કરવાનો પણ આ સંસ્થાનો ધ્યેય હતો. આજે પણ 'કાર્નેગી કોર્પોરેશન' મહત્વપૂર્ણ કાર્યો માટે સહાયતા કરે છે.

એન્ડ્રુ કાર્નેગીએ કરોડો ડોલર દાનમાં આપી દીધા. એણે ઘણા યોગ્ય કાર્યોમાં લોકો અને સંસ્થાઓની મદદ કરી. પણ એને 'એન્ડ્રુ કાર્નેગી પુસ્તકાલયો' માટે સૌથી વધારે યાદ કરવામાં આવશે, જે એણે દુનિયાના ઘણા શહેરોમાં સ્થાપિત કર્યા.

પુસ્તકાલય બનાવવાનો વિચાર એના મનમાં ત્યારે આવ્યો હતો, જયારે એ પિટ્સબર્ગમાં એક ગરીબ ટેલિગ્રાફ મેસેન્જર હતા. કર્નલ જેમ્સ એન્ડરસન નામની એક વ્યક્તિ નોકરી કરી રહેલા નાના છોકરાઓને એના પુસ્તકાલયમાંથી પુસ્તકો વાંચવા માટે આપતા હતા. દર શનિવારે એન્ડ્રુ જેવા છોકરાઓ કર્નલ એન્ડરસનના ઘરે આવતા અને મનપસંદ પુસ્તક ઘરે લઈ જતા. એન્ડ્રુ એ ઉદાર વ્યક્તિને ક્યારેય ભૂલી ન શક્યા જેણે એને શિક્ષિત બનવામાં સહાયતા કરી હતી.

એના જીવનના અંતિમ વર્ષોમાં પુસ્તકાલય બનાવવા માટે એન્ડ્રુએ ઘણું ધન આપ્યું. જે પણ નગરના લોકો પુસ્તકાલય બનાવવા ચાહતા હતા, ત્યાં એન્ડ્રુ પુસ્તકાલય બનાવવાનો બધો ખર્ચો ઉપાડી લેતા હતા.

એન્ડ્રુની એટલી જ ઈચ્છા હતી કે લોકો એ પુસ્તકાલયોને પુસ્તકોથી ભરેલા રાખે અને જે પુસ્તકો ચાહે એને એ પુસ્તકો મફત વાંચવા માટે આપે. આ વાતની જેવી લોકોને ખબર પડી તો અમેરિકાના - અને પછી અન્ય દેશોના - અલગ-અલગ નગર એન્ડ્રુ કાર્નેગી પુસ્તકાલયોની માંગ કરવા લાગ્યા. કેલિફોર્નિયાથી કેનેડા સુધી, ઓસ્ટ્રેલિયાથી અલાબામા સુધી, ઘણા નગરોમાં પુસ્તકાલયો બનવા લાગ્યા છે.

બધું મળીને એન્ડ્રુ કાર્નેગીએ 2811 પુસ્તકાલયો માટે ધન આપ્યું.

એન્ડ્રુએ 11 ઓગસ્ટ 1911 ના દિવસે ઊંઘમાં જ શાંતિપૂર્વક એના પ્રાણ ત્યાગ્યા. પણ એની ઉદારશીલતા અને લોકોને શિક્ષિત કરવાની લાલસાએ એને અમર કરી દીધા.

એન્ડ્રુ કાર્નેગીનો વિશ્વાસ હતો કે જેમ એને પુસ્તકો વાંચવા મળ્યા, એવી જ રીતે બધા બાળકોને મળવા જોઈએ.

કાર્નેગીએ વિશ્વના ઘણા નગરોમાં પુસ્તકાલય બનાવડાવ્યા. એમાંથી થોડા હવે ઉપયોગમાં નથી, પણ ઘણા પુસ્તકાલય હજી પણ એનું કાર્ય કરી રહ્યા છે.

સમયરેખા



1835 ડનફર્મલાઈન, સ્કોટલેન્ડમાં એન્ડ્રુ કાર્નેગીનો જન્મ 25 નવેમ્બરમાં.
1848 કાર્નેગી પરિવાર પિટ્સબર્ગ, પેન્સિલવેનિયામાં આવીને વસ્યો.
1850 એન્ડ્રુ ટેલિગ્રાફ મેસેન્જરનું કામ કરવા લાગ્યા.
1853 એન્ડ્રુ પેન્સિલવેનિયા રેલરોડમાં થોમસ સ્કોટના પર્સનલ એસીસ્ટન્ટ બની ગયા.
1859 એન્ડ્રુ પેન્સિલવેનિયા રેલરોડના પશ્ચિમી ડિવિઝનના સુપરિન્ટેન્ડન્ટ બની ગયા.
1861 સિવિલ વોરનો આરંભ. એન્ડ્રુ વોશિંગટન આવીને યુનિયન સેના માટે રેલ અને ટેલિગ્રાફ વ્યવસ્થિત કરવા લાગ્યા.
1865 સિવિલ વોર સમાપ્ત.
1865 કીસ્ટોન બ્રિજની સ્થાપના.
1865 પેન્સિલવેનિયા રેલરોડ કમ્પનીમાંથી ત્યાગપત્ર આપીને એન્ડ્રુ એના વ્યવસાયમાં પડી ગયા.
1867 એન્ડ્રુ પિટ્સબર્ગથી ન્યુ યોર્ક આવી ગયા.
1873 એન્ડ્રુએ એડગર થોમસન સ્ટીલ વર્કસની સ્થાપના કરી.
1881 એન્ડ્રુએ કાર્નેગી સ્ટીલ કમ્પની બનાવી.
1887 એન્ડ્રુએ 22 એપ્રિલે લુઈસ સાથે વિવાહ કર્યા.
1892 હોમસ્ટેડ સ્ટીલ શ્રમિકોની હડતાલ. ન્યાયી વ્યક્તિ તરીકેની એની પ્રતિષ્ઠાને નુકસાન થયું.
1897 એન્ડ્રુના એકમાત્ર સંતાન, માર્ગરેટનો માર્ચમાં જન્મ.
1900 એન્ડ્રુએ કાર્નેગી સ્ટીલ કમ્પનીને વેચીને એનું બાકીનું જીવન દાન આપવામાં અને સામાજિક કાર્યોમાં વિતાવ્યું.
1911 11 ઓગસ્ટ ના એન્ડ્રુ કાર્નેગીનો દેહાંત.